



# જૂનું સ્વપ્ન અને જૂનો વિવાદ... મુંબઈને મહારાષ્ટ્રથી અલગ કરવાની વાત શા માટે થાય છે?

મહારાષ્ટ્રમાં નાગરિક ચૂંટણીઓ નજીક છે, ત્યારે મુંબઈને લઈને ફરી રાજકારણ ગરમાયું છે. એક સમયે બોમ્બે તરીકે ઓળખાતું આ શહેર ફરી એકવાર સમાચારમાં છે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) ના નેતા રાજ ઠાકરેએ કહ્યું છે કે ફરી એકવાર મુંબઈને મહારાષ્ટ્રથી અલગ કરવાનું કાવતરું ઘડવામાં આવી રહ્યું છે. તેમણે દાવો કર્યો કે મુંબઈને મહારાષ્ટ્રથી અલગ કરવાનું ભાજપનું લાંબા સમયથી સ્વપ્ન છે, અને દાવો કરતા કહ્યું કે, ઠાકરે પરિવાર આ સ્વપ્નને ક્યારેય પૂર્ણ થવા દેશે નહીં.

આ દાવાઓ વચ્ચે, ચાલો જાણીએ તે ભૂતકાળ વિશે જ્યારે મહારાષ્ટ્ર અને ગુજરાત વચ્ચે મુંબઈને લઈને યુદ્ધ ફાટી નીકળ્યું હતું.

આઝાદી પછી, ભારત સામે એક મોટો પ્રશ્ન ઊભો થયો હતો કે, કયા આધારે રાજ્યો બનાવવા જોઈએ? લોકોએ માગ કરી હતી કે રાજ્યની સીમાઓ ભાષાના આધારે નક્કી કરવામાં આવે, જેનાથી વહીવટ અને ઓળખ બંને સરળ બને. આ વિચાર સાથે, આખા દેશભરમાં ભાષા આધારિત રાજ્યોની માગણીઓ થવા લાગી.

તે સમયે, બોમ્બે રાજ્ય એક વિશાળ પ્રદેશ હતો જેમાં હાલના મહારાષ્ટ્ર અને ગુજરાત બંનેનો સમાવેશ થતો હતો. અહીં મરાઠી અને ગુજરાતી બંને ભાષાઓ બોલાતી હતી. ધીમે ધીમે આ વાત જ વિવાદનું મૂળ કારણ બની. મરાઠીભાષીઓ અલગ મહારાષ્ટ્ર રાજ્ય ઇચ્છતા હતા, જેમાં મુંબઈનો સમાવેશ થાય. તે દરમિયાન, ગુજરાતી સમુદાયે 'મહાગુજરાત ચળવળ' શરૂ કરી અને તેઓ પણ મુંબઈને પોતાના રાજ્યનો ભાગ માનતા હતા.

## મુંબઈ વિવાદનું કેન્દ્ર કેમ બન્યું?

તે સમયે પણ મુંબઈ દેશની આર્થિક રાજધાની હતું. મુખ્ય ઉદ્યોગો, બંદરો, વેપાર અને રોજગારની તકો બધું મુંબઈમાં હતું. ગુજરાતી વેપારીઓ માનતા હતા કે તેમણે મુંબઈને આર્થિક રીતે મજબૂત બનાવ્યું છે. મરાઠી લોકો માટે, મુંબઈ ફક્ત એક શહેર નહોતું, પરંતુ તેમની સાંસ્કૃતિક ઓળખ હતું. આ જ કારણ હતું કે બંને પક્ષો કોઈપણ સંજોગોમાં મુંબઈ છોડવા તૈયાર નહોતા. આ ઝઘડાને કારણે સમગ્ર મુંબઈ રાજ્યમાં રાજકીય અને સામાજિક વિવાદ ઊભો થયો. ૧૯૫૫માં, રાજ્ય પુનર્ગઠન સમિતિએ ભલામણ કરી કે મુંબઈ રાજ્ય દ્વિભાષી હોય અને મુંબઈ તેની રાજધાની હોય, પરંતુ આ દરખાસ્તને મરાઠી કે ગુજરાતી બંને સમાજે સ્વીકારી નહીં. ૧૯૫૬માં, જ્યારે રાજ્ય પુનર્ગઠન પંચે પણ બોમ્બેને દ્વિભાષી રાજ્ય રાખવાની ભલામણ કરી, ત્યારે લોકોનો ગુસ્સો ભભૂકી ઉઠ્યો. બંને આંદોલનોએ મોટું રૂપ ધારણ કર્યું.

## વડા પ્રધાન નહેરુના પ્રસ્તાવ પર સર્વસંમતિ ન થઈ

તત્કાલીન વડા પ્રધાન જવાહરલાલ નહેરુએ એક વચ્ચેનો માર્ગ સૂચવ્યો: બંને પક્ષો વચ્ચે સંતુલન જાળવવા માટે મુંબઈને એક અલગ કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવો જોઈએ, પરંતુ આ સૂચન કોઈએ સ્વીકાર્યું નહીં. મરાઠીઓ ઇચ્છતા હતા કે મુંબઈ મહારાષ્ટ્રનો ભાગ રહે, અને ગુજરાતીઓ પણ તેને છોડવા તૈયાર નહોતા.

## મુંબઈથી અમદાવાદ સુધીના રસ્તાઓ પર હિંસા જોવા મળી

૨૧ નવેમ્બર, ૧૯૫૫ ના રોજ, હજારો લોકો મુંબઈના તે સમયે ફલોરા ફાઉન્ટેન તરીકે ઓળખાતા હુતાત્મા ચોક, ખાતે શાંતિપૂર્ણ રીતે કૂચ કરી રહ્યા હતા, અને સંયુક્ત મહારાષ્ટ્રની માગ કરી રહ્યા હતા. જોકે, પરિસ્થિતિ વધુ વણસતા પોલીસે ટિયર ગેસ અને ગોળીબારનો આશરો લીધો. આ ઘટનામાં પંદર લોકોએ જીવ ગુમાવ્યા હતા. તેવી જ રીતે, ૮ ઓગસ્ટ, ૧૯૫૬ ના રોજ, અમદાવાદમાં કોલેજના વિદ્યાર્થીઓએ મહાગુજરાત ચળવળના ભાગ રૂપે પ્રદર્શન કર્યું હતું. અહીં પણ પોલીસ ગોળીબારમાં પાંચથી આઠ વિદ્યાર્થીઓ માર્યા ગયા હતા. આ બંને ઘટનાઓએ વિરોધ પ્રદર્શનોને વધુ વેગ આપ્યો. તે હવે ફક્ત રાજકીય મુદ્દો ન રહેતા, લોકોની લાગણીઓ અને ઓળખનો પ્રશ્ન બની ગયો હતો.

## આખરે ૧ મે, ૧૯૬૦ના રોજ ચુકાદો આવ્યો

લાંબાં આંદોલનો, વિરોધ અને રાજકીય દબાણ પછી, કેન્દ્ર સરકારે ૧ મે, ૧૯૬૦ ના રોજ બોમ્બે પુનર્ગઠન કાયદો પસાર કર્યો, જેમાં બે નવાં રાજ્યો, મહારાષ્ટ્ર અને ગુજરાતની રચના થઈ. મુંબઈનો સમાવેશ મહારાષ્ટ્રમાં થયો હતો, જ્યારે ગુજરાતનું કામચલાઉ પાટનગર અમદાવાદ હતું, જે પાછળથી ગાંધીનગર ખસેડવામાં આવ્યું. આમ, એક જ રાજ્યમાંથી બે અલગ રાજ્યોનો જન્મ થયો હતો. આ નિર્ણયથી મરાઠી સમુદાય ખુશ થયો, તેમને થયું કે તેમની ભાષા અને ઓળખનું સન્માન કરવામાં આવ્યું છે. જ્યારે, ગુજરાતી સમાજ નારાજ હતો કે મુંબઈ તેમના ભાગે ન આવ્યું. રાજ્યના વિભાજન પછી, ઘણા ગુજરાતી ઉદ્યોગપતિઓ મુંબઈ છોડીને ગુજરાત પાછા ફર્યા. આ દરમિયાન, મરાઠી સમાજમાં ગર્વ અને ઓળખની લાગણીઓ વધુ મજબૂત થઇ.

## શિવસેનાનો ઉદય અને નવી રાજનીતિ

બાળાસાહેબ ઠાકરેએ ૧૯૬૬માં શિવસેનાની સ્થાપના કરી હતી. તેણે 'મરાઠી માણુસ' ના અધિકારોનું રક્ષણ કરવા અને મુંબઈને મરાઠીઓનું શહેર બનાવવા માટે ઝુંબેશ આદરી. શરૂઆતમાં, સંગઠને હિન્દી ભાષી સમાજનો વિરોધ કર્યો અને પછીથી ગુજરાતી સમુદાયનો પણ વિરોધ કર્યો, જેનાથી મુંબઈના રાજકારણમાં ભાષા અને ઓળખનો મુદ્દો વધુ ઊંડો બન્યો. મહારાષ્ટ્ર અને ગુજરાત બંને દર વર્ષે ૧ મેના રોજ તેમના સ્થાપના દિવસની ઉજવણી કરે છે. મહારાષ્ટ્રમાં મુંબઈમાં પરેડ અને કાર્યક્રમોનું આયોજન થાય છે, જ્યારે ગુજરાત અમદાવાદ અને ગાંધીનગરમાં ઉજવણી કરે છે. આજે બંને રાજ્યો વિકાસના માર્ગે આગળ વધી ગયા છે, પરંતુ ભાષા અને ઓળખને લઈને તણાવ હજુ પણ ક્યારેક જોવા મળે છે. આ વાત ફક્ત બે રાજ્યોની રચનાની નથી, પરંતુ લોકોની લાગણીઓ, સંઘર્ષો અને ઓળખ વિશે પણ છે, જેણે ભારતનો રાજકીય નકશો હંમેશાં માટે બદલી નાખ્યો.

# પરેલમાં બાંબુના ગોડાઉનમાં આગ

મુંબઈઃ પરેલમાં સયાની રોડ પર પરેલ એસટી ડેપોની સામે આવેલી બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોરમાં સ્ટોર કરવામાં આવેલા બાંબુમાં શુક્રવારે મોડી સાંજે આગ ફાટી નીકળી હતી. આ ઘટનામાં કોઈ જખમી થયું નહોતું.ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ પરેલ એસટી ડેપોની સામે આવેલી લોઢા ગ્રાન્ડેયર બિલ્ડિંગમાં ગાઉન્ડ ફ્લોરમાં મોટા પ્રમાણમાં બાંબુનો સ્ટોક રાખવામાં આવ્યો હતો. શુક્રવારે સાંજે લગભગ ૬.૧૫ વાગ્યાની આસપાસ તેમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડ પહોંચી ગઈ હતી અને આગ પર નિયંત્રણ મેળવવાના પ્રયાસ હાથ ધર્યા હતા. બાંબુમાં લાગેલી આગને કારણે મોટા પ્રમાણમાં ધુમાડો નીકળ્યો હતો અને જે આખી બિલ્ડિંગમાં ફેલાઈ ગઈ હતી.

# નવી મુંબઈમાં કારમાંથી ૧૬ લાખની રોકડ જપ્ત

થાણેઃ નવી મુંબઈ મહાનગરપાલિકાની આચારસંહિતા અમલીકરણ ટીમે શુક્રવારે એક કારમાંથી ૧૬.૧૬ લાખની રોકડ જપ્ત કરી હતી.મહારાષ્ટ્રમાં નવી મુંબઈ સહિત ૨૯ મહાનગરપાલિકાની ચૂંટણી ૧૫ જાન્યુઆરીએ યોજાવાની છે. નવી મુંબઈ પાલિકા દ્વારા આચારસંહિતા અમલી થયા બાદ એન્ટ્રી પોઇન્ટ્સ અને નવ મુખ્ય સ્થળે ૨૭ સ્ટેટિક સર્વેલન્સ ટીમ (એસએસટી)ને તહેનાત કરવામાં આવી છે. એપીએમસી માર્કેટની નજીક ચેકપોસ્ટ ખાતે શુક્રવારે મોડી રાતે ૧૨.૩૦ વાગ્યે કારને આંતરવામાં આવી હતી.

# મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે નામાંકનોના સામૂહિક અસ્વીકારનો દાવો કરતી પીઆઈએલ હાઈ કોર્ટે ફગાવી

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે શુક્રવારે એક જાહેર હિતની અરજી (પીઆઈએલ) ફગાવી દીધી હતી જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે મુંબઈ મહાનગરપાલિકાની ૧૫ જાન્યુઆરીએ યોજાનારી ચૂંટણી માટે મોટી સંખ્યામાં ઉમેદવારી ફોર્મ ચૂંટણી અધિકારીઓ દ્વારા મામૂલી અને ટેકનિકલ આધારો પર નકારી કાઢવામાં આવ્યા હતા.

મ્યુનિસિપલ કમિશનર-કમ-જિલ્લા ચૂંટણી અધિકારી (ડીઈસી)ના વકીલે દલીલ કરી હતી કે અરજદાર ચૂંટણી લડી રહેલા ઉમેદવાર ન હોવાથી આ મામલે તેમનો કોઈ અધિકાર નથી. આ દલીલના આધારે મુખ્ય ન્યાયાધીશ શ્રી ચંદ્રશેખરની આગેવાની હેઠળની ખંડપીઠે અરજી ફગાવી દીધી હતી.

અરજદારે મુખ્યત્વે રાજ્ય ચૂંટણી પંચ (એસઈસી) દ્વારા જારી કરાયેલા સત્તાવાર ચેકલિસ્ટનો ભાગ ન હોય તેવા અનેક નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ - એનઓસીની ફરજિયાત માગને પડકારી હતી.

સામાજિક કાર્યકર્તા મોઝમ અલી મીર દ્વારા દાખલ કરાયેલી પીઆઈએલમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે મુંબઈ મહાનગરપાલિકાના તમામ ૨૨૭ વોર્ડના રિટર્નિંગ અધિકારીઓએ શાસક પક્ષને લાભ મળે એ માટે ''હાયપર-ટેકનિકલ'' અને ''બિન-વૈધાનિક'' આધારો પર હજારો સંભવિત ઉમેદવારોને ગેરલાયક ઠેરવ્યા છે.

અરજી મુજબ ઉમેદવારોને પાણી વિભાગના લેણાં, આકારણી અને મિલકત કર, મકાન કાયદેસરતા અને પોલીસ ક્લિયરન્સ પ્રમાણપત્રો માટે એનઓસી આપવાની ફરજ પાડવામાં આવી હતી. નાગરિક નિગમની આ અનધિકૃત માગણીઓને કારણ લાયક વ્યક્તિઓ ચૂંટણીમાં ભાગ લેવાના તેમના અધિકારથી વંચિત રહી ગયા હોવાનું મીરે જણાવ્યું હતું. (પીટીઆઈ)

# ઉમેદવારી પાછી ખેંચવાની ધમકી મળ્યાનો કૉંગ્રેસના ઉમેદવારનો દાવો

મુંબઈઃ ચૂંટણી મેદાનમાંથી ઉમેદવારી પાછી ખેંચવા માટે ધમકી મળી રહી હોવાનો દાવો કરી કૉંગ્રેસના ઉમેદવાર પ્રમોદ નાર્વેકરે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં વૉર્ડ નંબર-૮૭માંથી નાર્વેકરે ઉમેદવારી નોંધાવી હોવાનું વાકોલા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે બુધવારની રાતે ચૂંટણી પ્રચારમાંથી પાછો ફરીને નાર્વેકર સાંતાક્રુઝ પૂર્વમાં ગોલીબાર નાકા ખાતે આવેલી ઑફિસે પહોંચ્યો હતો. નાર્વેકરના દાવા મુજબ એક શખસ ઑફિસમાં ઘૂસ્યો હતો અને ઉમેદવારી પાછી ખેંચી પ્રચાર બંધ કરી દેવાની ધમકી આપી હતી. શખસે જાનથી મારવાની ધમકી પણ આપી હોવાનું નાર્વેકરનું કહેવું છે.

આ પ્રકરણે ફરિયાદને આધારે પોલીસે શખસ વિરુદ્ધ બિનદખલપાત્ર (એનસી) ગુનો નોંધ્યો હતો. વધુ તપાસ કરવામાં આવી રહી હોવાનું પોલીસનું કહેવું છે. (પીટીઆઈ)

# એમએસઇડીસીએલનો એન્જિનિયર ૨૦ હજારની લાંચ લેતાં પકડાયો

થાણેઃ ઇલેક્ટ્રિકલ કોન્ટ્રેક્ટર પાસે ૨૦ હજાર રૂપિયાની લાંચ માગવા અને સ્વીકારવા બદલ એન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી)ના અધિકારીઓએ એમએસઇડીસીએલના આસિસ્ટન્ટ એન્જિનિયરની ધરપકડ કરી હતી.

આરોપી સુરેન્દ્રન અનંત સુબ્રહ્મણ્યમ પિલ્લઇ મહારાષ્ટ્ર સ્ટેટ ઇલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન કંપની લિ. (એમએસઇડીસીએલ)ના વસઇ પશ્ચિમ સબ-ડિવિઝનમાં કાર્યરત છે.

એસીબીના અધિકારીએ જણાવ્યું હતું કે ઇલેક્ટ્રિકલ કોન્ટ્રેક્ટરે છ ઇલેક્ટ્રિક મીટર લગાવવા માટે અરજી કરી હતી. જ્યારે તેણે પ્રક્રિયા ઝડપી બનાવવા માટે પિલ્લઇનો સંપર્ક સાધ્યો હતો, ત્યારે પિલ્લઇએ મંજૂરી આપવા માટે ૨૦ હજાર રૂપિયા અને વધારાના પાંચ હજાર રૂપિયાની માગણી કરી હતી. વાટાઘાટોને અંતે તે ૨૦ હજાર રૂપિયા સ્વીકારવા તૈયાર થયો હતો.

દરમિયાન કોન્ટ્રેક્ટરે એસીબીનો સંપર્ક સાધીને ફરિયાદ નોંધાવ્યા બાદ અધિકારીઓએ છટકું ગોઠવી પિલ્લઇને લાંચ લેતાં રંગેહાથ પકડી પાડ્યો હતો, એમ ડેપ્યુટી પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ (એસીબી-થાણે) અનિલ જયકરે જણાવ્યું હતું. પિલ્લઇ વિરુદ્ધ માણિકપુર પોલીસ સ્ટેશનમાં પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ)

# મુલુંડમાં ૮૦ લાખનો ગુટકા, તંબાકુજન્ય પદાર્થ, ૧૪ વાહન જપ્તઃ ૧૦ની ધરપકડ


મુંબઈઃ મુલુંડમાં પોલીસની ટીમે ૮૦ લાખ રૂપિયાનો ગુટકા અને તંબાકુજન્ય પદાર્થ તથા ૧૪ વાહન સહિત ૨.૦૧ કરોડની મતા જપ્ત કરીને ૧૦ જણની ધરપકડ કરી હતી.

મુલુંડ પૂર્વમાં ઐરોલી ટોલનાકા નજીક ખુલ્લી જગ્યામાં પ્રતિબંધિત ગુટકા તથા તંબાકુજન્ય પદાર્થનો મોટો જથ્થો રાખવામાં આવ્યો હોઇ તેને વાહનમાં ભરી મુંબઈમાં વેચવા માટે લઇ જવામાં આવવાનો છે, એવી માહિતી પોલીસને મળી હતી.

આથી પોલીસ ટીમે ગુરુવારે વહેલી સવારે ઉપરોક્ત સ્થળે રેઇડ પાડી હતી અને ૧૦ જણને તાબામાં લીધા હતા. પોલીસને ત્યાંથી બે ટ્રક અને કાર સહિત ૧૪ વાહન મળી આવ્યાં હતાં, જેમાં ૮૦.૫૫ લાખ રૂપિયાનો ગુટકા અને તંબાકુજન્ય પદાર્થ રાખવામાં આવ્યો હતો.

# મુંબઈગરાને વોટર ઈન્ફોર્મેશન સ્લીપ ઘરે પહોંચાડવાનું શરૂ

મુંબઈઃમુંબઈ મહાનગરપાલિકા ૨૦૨૬ની ચૂંટણી ગુરુવાર, ૧૫ જાન્યુઆરીના યોજાઈ રહી છે. તે માટે મતદારોનું નામ, ઍડ્રેસ તથા મતદાર યાદીમાં ક્રમાંક, મતદાન કેન્દ્રનું નામ અને રૂમ નંબર સહિતની તમામ આવશ્યક માહિતી સાથેની વોટર ઈન્ફોર્મેશન સ્લીપની વિતરણની પ્રક્રિયા નવ જાન્યુઆરી, શુક્રવારથી શરૂ કરી દેવામાં આવી છે. ચૂંટણી પંચના નિર્દેશ મુજબ મતદારોને તેમના મતદાન કેન્દ્ર, મતદાન યાદીનો ક્રમાંક જેવી માહિતી મળી રહે તે માટે વોટર ઈન્ફોર્મેશન સ્લીપ મતદારોના ઘરે પહોંચવામાં આવી રહી છે. અમુક મતદારોને જો કોઈ કારણસર આ સ્પીલ ઉપલબ્ધ નહીં થાય તો તેમને મતદાનના દિવસે એટલે કે ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ મતદાન કેન્દ્રની બહાર મળી શકશે.

# કિડનીના દર્દીઓ માટે હૃદયની સુરક્ષિત સારવારઃ IVUS અને ઝીરો-કોન્ટ્રાસ્ટ ટૅકનોલૉજી

## કિડનીના દર્દીઓ માટે વધુ સુરક્ષિત એન્જિયોપ્લાસ્ટીઃ IVUS (આઈ.વી.યુ.એસ.) કેવી રીતે પરિવર્તન લાવી રહ્યું છે

જ્યારે કોઈને કિડની (મૂત્રપિંડ)ની બીમારી હોય, ત્યારે નાના તબીબી નિર્ણયો પણ મોટા લાગે છે. પરિવારો દવાઓ, પ્રવાહી અને પરીક્ષણો વિશે ચિંતિત હોય છે, કારણ કે કિડની સંવેદનશીલ હોય છે અને દરેક પગલું મહત્ત્વનું હોય છે. તેથી જ્યારે હૃદય પર અચાનક ધ્યાન આપવાની જરૂર પડે છે, ત્યારે ચિંતા બમણી થઈ જાય છેઃ ''જો આપણે હૃદયની સારવાર કરીશું, તો શું કિડનીને નુકસાન થશે?''

ઘણા વર્ષો સુધી, એન્જિયોપ્લાસ્ટી (ધમની ખોલવાની પ્રક્રિયા)એ બરાબર આ જ પડકાર ઊભો કર્યો હતો. હૃદયની ધમનીઓને સ્પષ્ટ રીતે જોવા માટે, ડૉક્ટરોને કોન્ટ્રાસ્ટ ડાઈ (તપાસ માટે વપરાતું ખાસ પ્રવાહી) ઇન્જેક્ટ (દાખલ) કરવાની જરૂર પડતી હતી - જે સામાન્ય રીતે સુરક્ષિત છે, પરંતુ નબળી કિડની ધરાવતા લોકો માટે સંભવિત જોખમી છે. કેટલાક દર્દીઓ જેમને હૃદયની પ્રક્રિયાની તાત્કાલિક જરૂર હતી તેઓ તે કરાવતા ડરતા હતા અને ઘણા પરિવારો બે મુશ્કેલ પસંદગીઓ વચ્ચે અટવાયેલા અનુભવતા હતા.



ડૉ. અંકુર ફટાર્પેકર
ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ



શ્રેષ્ઠ પરિણામો માટે
નવાયુગની ટેક્નોલૉજી દ્વારા સંચાલિત અત્યાધુનિક કેથલેબ

## આજે, આખરે તે ડરનો જવાબ મળ્યો છે.

ઝીરો-કોન્ટ્રાસ્ટ PCI (કોન્ટ્રાસ્ટ વગરની એન્જિયોપ્લાસ્ટી) તરીકે ઓળખાતો એક નવો અને સૌમ્ય અભિગમ, જે IVUS (ઈન્ટ્રાવાસ્ક્યુલર અલ્ટ્રાસાઉન્ડ ઈમેજિંગ - નળીની અંદરથી લેવાતું અલ્ટ્રાસાઉન્ડ ચિત્ર) તરીકે ઓળખાતી ટૅકનોલૉજી દ્વારા માર્ગદર્શન મેળવે છે, તે કિડનીની બીમારી ધરાવતા દર્દીઓને વધુ સુરક્ષિત માર્ગ આપી રહ્યો છે. ધમનીઓ જોવા માટે ડાઈ પર નિર્ભર રહેવાને બદલે, IVUS નળીની અંદરથી એક નાનકડા અલ્ટ્રાસાઉન્ડ પ્રોબ (તપાસ માટેનું સાધન)નો ઉપયોગ કરે છે, જે કિડની પર દબાણ લાવ્યા વગર સ્પષ્ટ ચિત્રો દર્શાવે છે. ક્રોનિક કિડની ડિસીઝ (CKD - લાંબા ગાળાની કિડનીની બીમારી) ધરાવતા દર્દીઓ માટે, આ માત્ર ટૅકનોલૉજી નથી - તે એક ક્રાંતિ છે.

HVS સિમ્બાયોસિસ હોસ્પિટલનો તાજેતરનો એક કેસ (કિસ્સો) આ બાબતને કોઈપણ પાઠ્યપુસ્તક કરતા વધુ સારી રીતે સમજાવે છે.

સ્ટેજ 3 કિડનીની બીમારી ધરાવતા એક વૃદ્ધ સજ્જન છાતીમાં અસ્વસ્થતા સાથે આવ્યા હતા. તેમના એન્જિયોગ્રામ (નળીઓની તપાસ)માં ત્રણ મુખ્ય બ્લોકેજ (અવરોધ) જોવા મળ્યા હતા - જેની સારવાર માટે સામાન્ય રીતે મોટી માત્રામાં કોન્ટ્રાસ્ટ ડાઈની જરૂર પડે છે. તેમનો પરિવાર ખૂબ જ ચિંતિત હતો. તેમણે તે જ પ્રશ્ન પૂછ્યો જે દરેક સંબંધી આવી પરિસ્થિતિમાં પૂછે છેઃ ''શું આપણે તેમની કિડનીને નુકસાન પહોંચાડ્યા વગર તેમના હૃદયને બચાવી શકીએ?''

## નવા સાધનોને આભારી, જવાબ 'હા' હતો.

અમારી કેથ લેબ (હૃદયની તપાસ માટેનો ખાસ રૂમ)ના ડાયનેમિક કોરોનરી રોડમેપ (ધમનીઓનો માર્ગ બતાવતો નકશો)નો ઉપયોગ કરીને, અમે ન્યૂનતમ ડાઈ સાથે તેમની ધમનીઓમાં આગળ વધી શક્યા. અને IVUS સાથે, અમે તેમની ધમનીઓનું ચોક્કસ કદ જોયું, યોગ્ય સ્ટેન્ટ્સ (નળી ખુલ્લી રાખવાની જાળી) પસંદ કર્યા, તેમને ચોકસાઈથી માર્ગદર્શન આપ્યું અને તે બરાબર ખૂલી છે કે નહીં તે તપાસ્યું - આ બધું ધમનીની અંદરથી જ કરવામાં આવ્યું.

## આને સરળ રીતે સમજવા માટેઃ

IVUS ધૂંધળી છબીમાંથી હાઈ-ડેફિનેશન (સ્પષ્ટ અને સચોટ) છબી તરફ જવા જેવું કામ કરે છે. તે સ્પષ્ટ ચિત્ર બતાવવા માટે અલ્ટ્રાસાઉન્ડનો ઉપયોગ કરે છે અને સ્માર્ટ સોફ્ટવેર જે આપમેળે ધમનીને માપે છે અને મહત્ત્વના વિસ્તારોને હાઇલાઇટ (દર્શાવે) કરે છે. ડૉક્ટરે અનુમાન લગાવવામાં સમય પસાર કરવો પડતો નથી - સિસ્ટમ (પ્રણાલી) દૃશ્યનું માર્ગદર્શન કરે છે અને કારણ કે આપણે ખૂબ સ્પષ્ટ રીતે જોઈ શકીએ છીએ, તેથી અમને ભાગ્યે જ ડાઈની જરૂર પડે છે.

## પરિણામ શું આવ્યું?

માત્ર 8 મિલી લિટર કોન્ટ્રાસ્ટ - જે બે ચમચીથી પણ ઓછું છે - તેના ઉપયોગથી સંપૂર્ણ ટ્રિપલ-વેસલ એન્જિયોપ્લાસ્ટી (ત્રણેય મુખ્ય નળીઓની પ્રક્રિયા) કરવામાં આવી.

કિડનીની બીમારી ધરાવતી વ્યક્તિ માટે, આ તફાવત જીવન બદલી નાખનારો છે. તેમના હૃદયની સંપૂર્ણ સારવાર કરવામાં આવી હતી અને તેમની કિડની સુરક્ષિત રહી હતી, જ્યારે તેમના પરિવારે તેમને કોઈ પણ જટિલતા વગર સાજા થતા જોયા, ત્યારે તેમના ચહેરા પરની રાહતે બધું જ કહી દીધું. તેઓએ અનુભવ્યું કે આધુનિક કાર્ડિયોલોજી (હૃદયરોગ વિજ્ઞાન)નો સાચો ઉદ્દેશ્ય શું છેઃ માત્ર ધમનીની જ નહીં, પણ દર્દીની સુરક્ષા કરવી.

સમગ્ર વિશ્વમાં, IVUS જેવી ટૅકનોલૉજીની ભલામણ તમામ મુખ્ય આંતરરાષ્ટ્રીય કાર્ડિયોલોજી સોસાયટીઓ (હૃદયરોગ નિષ્ણાતોની સંસ્થાઓ) દ્વારા વધુ સુરક્ષિત અને વધુ સચોટ એન્જિયોપ્લાસ્ટી માટે કરવામાં આવે છે, ખાસ કરીને ડાયાબિટીસ, કેલ્સિફાઇડ આર્ટરીઝ (કેલ્શિયમ જામી ગયેલી ધમનીઓ) અથવા કિડનીની બીમારી ધરાવતા દર્દીઓમાં. મોટા અભ્યાસોએ દર્શાવ્યું છે કે IVUS-માર્ગદર્શિત પ્રક્રિયાઓ ઓછી જટિલતાઓ અને વધુ સારા લાંબા ગાળાનાં પરિણામો તરફ દોરી જાય છે, પરંતુ કિડનીના દર્દીઓ માટે, આ ફાયદો વધુ વ્યક્તિગત લાગે છે - તે ડર વગર સારવારની મંજૂરી આપે છે.

હાર્ટ એન્ડ વાસ્ક્યુલર સુપરસ્પેશિયાલિટી (HVS) હોસ્પિટલમાં, અમારો અભિગમ સરળ છેઃ માત્ર બ્લોક થયેલી નળીની જ નહીં, પરંતુ સમગ્ર દર્દીની સંભાળ લેવી. IVUS અને નિયર-ઝીરો કોન્ટ્રાસ્ટ (લગભગ શૂન્ય ડાઈ) પદ્ધતિઓ સાથે, અમે કિડની પર સૌમ્ય રહીને અત્યંત જટિલ એન્જિયોપ્લાસ્ટી પણ ચોક્સાઈ સાથે કરીએ છીએ. દરેક નિર્ણય - માપવામાં આવેલો દરેક મિલીમીટર અને ટાળવામાં આવેલું ડાઈનું દરેક બિનજરૂરી ટીપું - એક જ હેતુ સાથે લેવામાં આવે છેઃ દર્દીઓને વધુ સુરક્ષિત પરિણામો અને પરિવારોને વધુ માનસિક શાંતિ આપવી.

કિડનીના ઘણા દર્દીઓ માટે, આ માત્ર એક પ્રક્રિયા નથી. આ એ વાતની ખાતરી છે કે તેમની કિડનીને જોખમમાં મૂક્યા વગર તેમના હૃદયની સારવાર કરી શકાય છે - અને આગળ વધવાનો સૌથી સુરક્ષિત માર્ગ ખરેખર અસ્તિત્વમાં છે.




HVS Hospitals, Mumbai
www.hvshospitals.com
Mob:-+91-91520 11193
Dadar | Ghatkopar | Borivali










# ફાયરિંગ કરી વેપારીના ૪૭ લાખના દાગીના લૂંટ્યાઃ મુખ્ય આરોપીની વર્ષ બાદ ધરપકડ

## ૩૫ ગુનામાં સામેલ આરોપી પાસેથી પિસ્તોલ, કારતૂસ, રોકડ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) નજીક ગોળીબાર કરી વેપારી પાસેના ૪૭ લાખ રૂપિયાના દાગીના લૂંટવાના કેસમાં ફરાર મુખ્ય આરોપીને એમઆરએ માર્ગ પોલીસે એક વર્ષ બાદ રાયગડ જિલ્લાના નેરળથી ઝડપી પાડ્યો હતો.

૩૫ જેટલા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા આરોપીની ઓળખ કૈલાશ મધુરા સૂર્યવંશી ઉર્ફે કે.પી. તરીકે થઇ હોઇ તેની પાસેથી પિસ્તોલ, કારતૂસો અને ૧૩ લાખની રોકડ જપ્ત કરાઇ હતી.

કાલબાદેવી વિસ્તારમાં રહેતો ફરિયાદી ચિરાગ ધંદુકિયા ૬ જાન્યુઆરી, ૨૦૨૫ની રાતે તેના ભત્રીજા સાથે દાગીના લઇને સ્કૂટી પર જઇ રહ્યો હતો ત્યારે સીએસએમટી નજીક પી. ડિમેલો રોડ પર બ્લ્યુ ગેટ નજીક ત્રણથી ચાર અજાણ્યા શખસોએ તેમને રોક્યા હતા. આરોપીઓએ ચિરાગ અને તેના ભત્રીજાની મારપીટ કરી હતી અને બાદમાં ભત્રીજા પર બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું.

બાદમાં ચિરાગ પાસેના દાગીના લૂંટી આરોપીઓ ફરાર થઇ ગયા હતા. ફાયરિંગના ચિરાગનો ભત્રીજો ઘાયલ થયો હતો.

એમઆરએ માર્ગ પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને કિરણ ધનાવડે, અરુણ મદિયા સહ ચાર આરોપીની ધરપકડ કરી હતી, જ્યારે કૈલાશ સૂર્યવંશી ફરાર હતો. આ કેસમાં બાદમાં મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ લગાવાયો હતો.

દરમિયાન ફરાર કૈલાશ સૂર્યવંશી વિવિધ રાજ્યોમાં પોતાનું નામ બદલીને રહેતો હોવાની માહિતી પોલીસને મળી હતી.

પોલીસની ટીમ તેની શોધમાં દિલ્હી, પંજાબ, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને હિમાચલ પ્રદેશ જઇ આવી હતી. આખરે એક વર્ષ બાદ પોલીસે મળેલી માહિતીને આધારે તેને નેરળથી ઝડપી પાડ્યો હતો.

કૈલાશ સૂર્યવંશીનું ઉલ્હાસનગરનું સરનામું મળ્યા બાદ પોલીસ ટીમે તેનો ફોટો ત્યાંના અમુક પાનના સ્ટોલધારકોને બતાવ્યા હતા. કૈલાશને સોપારી ખાવાની આદત હતી. આથી પોલીસે એક સ્ટોલની નજીક નજર રાખી હતી. કૈલાશ ૬ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ નેરળમાં ડોક્ટર પાસે જવા નીકળ્યો ત્યારે પોલીસે તેને તાબામાં લીધો હતો.










# પેલેસ્ટાઇનને 'સમર્થન' આપવા ગેરકાયદે ચાર કરોડ રૂપિયા ભેગા કર્યાઃ ચાર જણ વિરુદ્ધ ગુનો

મુંબઈઃ ઇઝરાયલ સાથે યુદ્ધ વચ્ચે પેલેસ્ટાઇનને સમર્થન આપવા માટે નાણાંની જરૂર હોવાનો દાવો કરીને છેતરપિંડીથી નાગરિકો પાસેથી ચાર કરોડથી વધુ રૂપિયા ભેગા કરવા બદલ બીડ જિલ્લામાં ચાર જણ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

ઇઝરાયલ અને હમાસ વચ્ચે ૭ ઑક્ટોબર, ૨૦૨૩થી સંઘર્ષ ચાલી રહ્યો છે. ખાસ કરીને ૭૧,૩૯૧ પેલેસ્ટિનિયનોનાં મોત થયાં છ, જ્યારે ૧,૭૧,૨૭૯ ઘાયલ થયા છે. ઑક્ટોબર, ૨૦૨૫માં ગાઝામાં યુદ્ધ રોકવા મમાટે યુદ્ધ વિરામ સંધિ થઇ ત્યારથી ૪૦૦થી વધુ મોત નોંધાયાં છે.

આ સ્થિતિનો લાભ લેતાં બીડ જિલ્લામાં છેતરપિંડી આચરવામાં આવી હતી. સ્થાનિક પોલીસ અને એન્ટિ-ટેરરિઝમ યુનિટને ટેરર ફન્ડિંગ વિશે ચોક્કસ માહિતી મળી હતી.

આથી માજલગાવના પાટરુડ ગામમાં તલાશી શરૂ કરવામાં આવી હતી. એ સમયે પેલેસ્ટાઇનને સમર્થન આપવાને નામે આરોપીઓએ ચાર કરોડથી વધુ રૂપિયા ભેગા કયા૪ હોવાનું સામે આવ્યું હતું, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

આ નાણાં ચેરિટી કમિશનર પાસે નોંધણીકૃત નહોતા એવા ટ્રસ્ટના બૅંક અકાઉન્ટમાં જમા કરવામાં આવ્યાં હતાં. આ રીતે નાણાં જમા કરવાનું અનધિકૃત છે. આથી માજલગાવ ગ્રામીણ પોલીસ દ્વારા ચાર જણ વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આમાંથી બે જણની ધરપકડ કરાઇ હતી, એમ પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઇ)

# પ્લાસ્ટિક અને ચીની માંજા વિરુદ્ધ થાણે પાલિકાની કાર્યવાહીઃ ૫૩,૫૦૦નો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પતંગ ઉડાવવા માટે વાપરવામાં આવતા ચીની માંજા, ચીની દોરા તેમ જ નાયલોન અને પ્લાસ્ટિક (સિંથેટિક)થી તૈયાર કરવામાં આવેલો કૃત્રિમ માંજો માનવી જીવન, પક્ષી અને પર્યાવરણ માટે જોખમી છે. નેશલન ગ્રીન ટ્રિબ્યુનલના આદેશ મુજબ થાણે મહાનગરપાલિકાના વિસ્તારમાં આવા માંજાનું ઉત્પાદન તેનું વેચાણ અને તેનો સ્ટોક કરવા તથા તેના વપરાશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ પાર્શ્વભૂમિ પર થાણે પાલિકા દ્વારા પ્લાસ્ટિક અને ચીની અને સિંથેટિક માંજા વિરુદ્ધ આકરી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે, જે અંતર્ગત છેલ્લા છ દિવસમાં વોર્ડ સ્તરે કુલ ૮૫૬ એસ્ટાબ્લિશમેન્ટના ઈન્સ્પેકશન કરવામાં આવ્યા હતા અને કુલ ૩૯.૨ કિલો પ્લાસ્ટિક અને ૫.૫ કિલો ચીની માંજો જપ્ત કરવામાં આવ્યો છે. આ કાર્યવાહી અંતર્ગત કુલ ૫૩,૫૦૦ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

# કારે બાઈકને ટક્કર મારતાં ત્રણનાં મોત

લાતુરઃ પુરપાટ દોડતી કારે બાઈકને ટક્કર મારતાં બાઈકસવાર ત્રણ જણે જીવ ગુમાવ્યા હોવાની ઘટના લાતુર જિલ્લામાં બની હતી.

પોલીસના જણાવ્યા મુજબ અકસ્માત ગુરુવારની રાતે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ કિનગાંવ-અંબાજોગાઈ રોડ પર આનંદવાડી પાટી નજીક બની હતી.ઘટનામાં મૃત્યુ પામેલાઓની ઓળખ સંદીપ ચાટે (૩૨), ખુશાલ ઉર્ફે વિઠ્ઠલ ચાટે (૪૦) અને અજય દરાડે તરીકે થઈ હતી. ત્રણેય પરભણી જિલ્લાના વતની હતા. અહમદપુર તહેસીલના કિનગાંવ ખાતેના મેળામાંથી ત્રણેય જણ બાઈક પર ઘરે પાછા ફરતા હતા ત્યારે આ ઘટના બની હતી.

કારે એટલી જોરથી ટક્કર મારી હતી કે બન્ને પિતરાઈ સંદીપ અને ખુશાલનાં ઘટનાસ્થળે જ મૃત્યુ થયાં હતાં. (પીટીઆઈ)

**INVITATION**

**The IMC Chamber of Commerce & Industry**
and
**The Public Premises Tenants (WR) Association**
cordially request your attendance at its public meeting

**AGENDA:**

* Interplay between the Bombay Rent Act, 1947 / the Maharashtra Rent Control Act, 1999 and the Public Premises Eviction Act, 1971.
* The implications of the recent Judgement dated 11th December 2025 of the Hon'ble Supreme Court answering the Reference in LIC V/s Vita Pvt. Ltd with respect to the law laid down in Dr. Suhas Pophale V/s Oriental Insurance Co Ltd.
* Special reference to the application of these Acts on premises belonging to the Mumbai Port Authority
* Addressing queries raised by aggrieved tenants of Public landlords in Mumbai.

**SPEAKERS:**
(1) Advocate Karim Vakil, (2) Advocate Viren Asar,
(3) Advocate Rajan Jayakar

**Day & Date:** Monday, January 12, 2026,
**Time:** 5:00 to 7:30 p.m.
**Venue: Walchand Hirachand Hall**, 4th Floor, IMC Building, IMC Marg, Churchgate, Mumbai 400020
NOTE - Registration for participation is mandatory at venue
**Entry will be on first come first served basis**

